સે-૨૪ માં મોટરથી પાણી ખેંચવાના કિસ્સામાં કડક કાર્યવાહી કરાશે

મોટરથી પાણી ખેંચતા તત્વોને ઝડપી લેવા માટે તંત્રએ ટીમ તૈયાર કરી : નોટીસ આપી કડક કાર્યવાહી કરાશે : પાણીની સમસ્યાથી રહીશો ત્રસ્ત

ગાંધીનગર તા ૧૮

શહેરમાં વળતા ઉનાળે પાણીના મામલે કકળાટ પ્રવર્તયો છે. સે-૨૪ માં છેલ્લા એક સપ્તાહથી પાણીની પોકાર ઉઠવા પામી છે. સેકટરમાં ફોર્સથી પાણી ન આવતુ હોવાનો રોષ પણ સ્થાનિકો ઠાલવી રહ્યા છે. સેકટરમાં ટેન્કર રાજ ચાલતુ હોવાનો આક્રોશ વચ્ચે સેકટરમાં મોટરથી પાણી ખેંચવામાં આવતુ હોવાનો રોષ પણ ઉઠવા પામ્યો છે. જેને અનુલક્ષી તંત્ર દ્વારા મોટરથી પાણી ખેંચતા રહીશોને નોટીસ આપી કડક કાર્યવાહી હાથ ધરાશે. આ માટે ટીમ પણ તૈયાર કરી દેવામાં આવી છે. આ ટીમ સેકટરમાં ફરીને તપાસ કરશે.

શહેરમાં આકરી ગરમીમાં સમયાંતરે પ્રવર્તે છે. સેકટરોમાં ફોર્સથી પાણી આવતુ ન હોવાની અનેકવાર બુમ ઉઠવા પામે છે. જયારે આકરી ગરમીના દિવસોમાં પાણી ન આવતા સ્થાનિકોમાં પણ પ્રબળ રોષ પ્રવર્તે છે. આવા સંજોગોમાં સે-૨૪ માં છેલ્લા કેટલાક સમયથી પાણીની પોકાર ઉઠવા પામે છે. સેકટરમાં પાણી ફોર્સથી ન આવતુ હોવાના લીધે સ્થાનિકો આગ બબુલા બન્યા છે. સેકટરમાં પાણીનો બોર પણ બગડયો હોવાથી પાણી ફોર્સથી ન આવતુ હોવાનુ ધ્યાને આવ્યુ છે.

જયારે આ મામલે સ્થાનિક નેતાઓ સહીત અધિકારીઓની ટીમે પણ સેકટરની મુલાકાત લઈને સ્થિતિનુ નિરિક્ષણ કર્યુ હતુ. પરંતુ હજુ સુધી પાણીનો પ્રશ્ન હલ ન થયો હોવાનો આક્રોશ પણ સ્થાનિકો વ્યકત કરી રહ્યા છે. જેના લીધે સેકટરમાં ટેન્કર મારફતે પાણી મંગાવાની ફરજ પડી છે. સે -૨૪ માં પાણીના મામલે ટેન્કર રાજ ચાલતુ હોવાનો રોષ પણ સ્થાનિકો ઠાલવી રહ્યા છે. નળમાં ફોર્સથી પાણી આવતુ નથી.બીજીતરફ સ્થાનિકો દ્વારા મોટરથી પાણી ખેંચવામાં આવતુ હોવાના લીધે પાણીની સમસ્યા વધુ ગંભીર બની હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. સેકટરમાં થતો પાણીનો બગાડ પણ સમસ્યા માટે જવાબદાર હોવાનુ તંત્ર માને છે.

આવા સંજોગોમાં સેકટરમાં મોટરથી પાણી ખેંચવાની હરકત સામે કડક કાર્યવાહી કરવા માટે પણ તંત્રએ તૈયારી કરી દીધી છે. સેકટરમાં મોટરથી પાણી ખેંચવાના મામલે તંત્ર દ્વારા નોટીસ પણ તૈયાર કરી દેવામાં આવી છે. સેકટરમાં મોટરનો ઉપયોગ કરી ગેરકાયદેસર રીતે પાણી ખેંચનારા સામે પગલા લેવાશે. તંત્ર દ્વારા આવા કિસ્સામાં નોટીસ આપી કાયદેસરની કાર્યવાહી પણ હાથ ધરાશે. જયારે મોટર જપ્ત કરવા સુધી પણ આકરા પગલા લેવાય તેવી પણ સંભાવના છે.

વાતાવરણ - ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં કમોસમી વરસાદના પગલે શનિવારે ગાંધીનગરનું વાતાવરણ પણ પલટાયું હતું... કાળાભમ્મર વાદળોની અવરજવર અને ઠંડા પવનની લહેરખીઓ વરસાદ આવવાના એંધાણ આપતી હતી... ગાંધીનગરથી ૧૦૦ કિ.મી. દૂર વરસાદના ઝાપટા પડ્યાના અહેવાલો પણ મોડીસાંજે પ્રાપ્ત થયા હતા... જોકે વાદળો પવનમાં ખેંચાઈ જતા ગાંધીનગર કમોસમી વરસાદથી બચ્યું હતું...

લલિત કગથરાના પુત્રનું પશ્ચિમ બંગાળમાં દુર્ઘટનામાં મોત

કોંગી ધારાસભ્યના પરિવારમાં શોકનો માહોલ : કગથરાનો પુત્ર વિશાલ પરિવારજનોની સાથે બહેરામપુર ફરવા ગયો હતો ત્યારે તેમની બસ અને ટ્રક વચ્ચે દુર્ઘટના

ગાંધીનગર, તા. ૧૮

મોરબી જિલ્લાના ટંકારા વિધાનસભા બેઠકના કોંગ્રેસના ધારાસભ્ય અને રાજકોટ લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર લલિત કગથરાના પુત્ર વિશાલનું પશ્ચિમ બંગાળના બહેરામપુરમાં એક ગંભીર માર્ગ અકસ્માતમાં કરૂણ મોત નીપજયુ છે, જયારે બીજો પુત્ર રવિ ઘાયલ થયો છે. જુવાનજોધ પુત્રનું મોત નીપજવાના કારણે કોંગી ધારાસભ્ય કગથરાના પરિવારમાં શોકનો માતમ પથરાઈ ગયો છે. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, ધારાસભ્ય લલિતભાઈ કગથરાના બે પુત્રો રવિ અને વિશાલ દિવ્યાંગ બાળકોને લઈને પશ્ચિમ બંગાળના પ્રવાસે ગયા હતા. જયાં કોલકતાથી ફલાઈટમાં અમદાવાદ પરત ફરવાના હતાં.પરંતુ ફલાઈટ ચૂકી જતા કલકત્તાથી વોલ્વો બસમાં લલિત કગથરાના પુત્ર વિશાલ સહિત ત્રણ દંપત્તિ બહેરામપુર તરફ આવી રહ્યાં હતાં, ત્યારે ટ્રક અને વોલ્વો બસ વચ્ચે અકસ્માત થતાં વિશાલ કગથરાનું મોત નીપજ્યું હતું. લલિત કગથરાનો પુત્ર વિશાલ બસમાં બેઠો હતો ત્યારે તેનું મોઢું બસની બારીમાંથી બહાર હતું, આ દરમ્યાન રોડ ઉપરથી પસાર થતા ટ્રક સાથે તેમનું માથું અથડાતાં હેમરેજ થતા ઘટના સ્થળે જ તેનું મોત નીપજયું હતું. લલિતભાઈ કગથરાના દીકરાનું મૃત્યુ થતા મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ દુ:ખની લાગણી વ્યક્ત કરી હતી અને જણાવ્યું હતું કે, માર્ગ અકસ્માતની વિગત લલિતભાઈના ભત્રીજા જયેશભાઈ પાસેથી ટેલીફોન દ્વારા જાણકારી મેળવી છે. ત્યાના સ્થાનિક પ્રશાસન સાથે સંપર્કમાં રહી પોસ્ટમોર્ટમ કરી મૃતદેહ પરત લાવવાની પણ વાત કરી છે. બીજીબાજુ, પરિવારનો એક દિપક બુઝાઇ જતાં કગથરા પરિવારમાં જાણે શોકનો માતમ પથરાઇ ગયો છે. કોંગ્રેસના નેતાઓ અને આગેવાનો પણ દુ:ખની આ ઘડીમાં તેમની સાથે સાંત્વના આપવા પહોંચ્યા હતા.

કોર્પોરેશને કરદાતાઓ પાસેથી ૧૦.૯૩ કરોડના મિલકત વેરાની વસુલાત કરી

ઓનલાઇન પણ ૨.૦૮ કરોડના વેરાની વસુલાત : અત્યાર સુધીની કુલ વસુલાત સામે ૧૯ ટકા વેરો ઓનલાઇન ચુકવાયો

ગાંધીનગર તા ૧૮

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા વર્ષ ૨૦૧૯ -૨૦ માટે મિલકત વેરા વસુલાત ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જયારે ગત ૩ એપ્રિલથી શરૂ થયેલી આ ઝુંબેશ અન્વયે કોર્પોરેશન દ્વારા અત્યાર સુધી કરદાતાઓને ૧૦ ટકા વળતરનો લાભ આપી રૂ ૧૦.૯૩ કરોડનો મિલકત વેરો વસુલવામાં આવ્યો છે. જયારે આ અન્વયે મહીલાઓને વધારાના ૫ ટકા વળતરનો લાભ પણ અપાયો છે. જેમાં ૩૫૦ જેટલી મહીલા મિલકતધારકોએ આ યોજનાનો લાભ લીધો છે.

ગાંધીનગરમાં કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યુ ત્યારથી વેરા વસુલાત ઝુંબેશ પણ હાથ ધરવામાં આવે છે. નગરજનો પાણી વેરો જ નહીં પરંતુ મિલકત વેરો પણ ચુકવતા હોવાથી મિલકત વેરા વસુલાત ઝુંબેશને અનુલક્ષી કરદાતાઓને વિશેષ વળતરનો પણ લાભ આપવામાં આવે છે. હાલ આ અન્વયે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા વર્ષ ૨૦૧૯-૨૦ને અનુલક્ષીને વેરા વસુલાત ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જયારે આ ઝુંબેશ અન્વયે તા ૩ એપ્રિલ થી આગામી તા ૩૧ મી મેં સુધી વેરો ચુકવનારને ૧૦ વળતરની યોજના પણ અમલી બનાવાઇ છે. જયારે ગત તા ૩ એપ્રિલથી તા ૧૮ મેં સુધીમાં કોર્પોરશન દ્વારા મિલ્કત વેરા અન્વયે રૂ ૧૦.૯૩ કરોડની વસુલાત કરવામાં આવી છે. જયારે આ અન્વયે કુલ ૨૧૭૩૪ કરદાતાઓએ વળતરનો લાભ લીધો છે. જયારે ઓનલાઇન મિલ્કત વેરો ચુકવવા માટે પણ કરદાતાઓમાં ઉત્સાહ જોવા મળ્યો છે. ઓનલાઇન પણ રૂ ૨.૦૮ કરોડનો વેરો વસુલાયો છે. જયારે અત્યાર સુધીમાં વસુલવામાં આવેલા વેરા અન્વયે ૧૯.૦૩ ટકા વેરો ઓનલાઇન વસુલાયો છે. આ ઉપરાંત મિલ્કતમાં મહીલા માલિક હોય તો ૫ ટકા વધારાનુ વળતર પણ ચુકવવામાં આવે છે. જે માટે વેરો ચુકવતી વેળાએ માલિકીના પુરાવા જેવા કે સનદ,દસ્તાવેજ,

આગામી ૩૧ મેં સુધી વેરો ચુકવનારને ૧૦ ટકા વળતરનો લાભ મળશે : મહીલા મિલ્કત ધારકોને ૫ ટકા વિશેષ વળતરનો લાભ : આજે રજાના દિવસે પણ વેરા વસુલાત ઝુંબેશ યથાવત રહેશે

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લાની ગ્રાન્ટેડ શાળાઓમાં ટુંકમાં ૮૧ આચાર્યોની ભરતી પ્રક્રીયા હાથ ધરાશે

ગાંધીનગર તા ૧૮

ગાંધીનગર જિલ્લાની ગ્રાન્ટેડ શાળાઓને અનુલક્ષી અટવાયેલી આચાર્યોની ભરતી પ્રક્રીયા ટુંકમાં હાથ ધરાશે. જિલ્લામાં ૮૧ આચાર્યોની નિમણુંક આપવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

બે વર્ષના અંતે ભરતી પ્રક્રીયા આખરી થશે : હાલ ઇન્ચાર્જ આચાર્યના આધારે કામ ચાલે છે

હાલ આ જગ્યાએ ઈન્ચાર્જ આચાર્યથી કામ ચલાવામાં આવી રહ્યુ છે. ગાંધીનગર જિલ્લામાં સરકારી શાળાઓમાં શિક્ષકો સહીતના સ્ટાફની ઘટનો પ્રશ્ન વારંવાર ઉઠવા પામે છે. જયારે શાળાઓમાં ઓરડાની ઘટ ઉપરાંત આનુસંગિક માળખાગત સુવિધાઓ પણ ઉપલબ્ધ ન હોવાનો રોષ ઉઠવા પામે છે. પરંતુ તબક્કાવાર આ સમસ્યા માટે ભરતી પ્રક્રીયા હાથ ધરવામાં આવતી હોય છે. જિલ્લાની શાળાઓમાં આચાર્યોની ભરતી પ્રક્રીયા પણ લાંબા સમયથી વિલંબમાં પડી હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ હતુ આ મામલે કોર્ટ કાર્યવાહી ચાલતી હોવાથી પણ અગાઉ ભરતી પ્રક્રીયા અંગે નિર્ણયની રાહ જોવાતી હતી. પરંતુ ગત એપ્રિલ મહીનામાં આ મામલે કોર્ટનો ચુકાદો આવી ગયા બાદ હવે આગામી દિવસોમાં આચાર્યોની ભરતી પ્રક્રીયા હાથ ધરવા માટે ટુંકમાં ગતિવિધિઓ હાથ ધરાશે. હાલ જિલ્લાની ગ્રાન્ટેડ શાળાઓમાં ૮૧ આચાર્યોની ભરતી કરાશે. જો કે આ માટે અગાઉ અરજીઓ પણ મંગાવી લેવામાં આવી હતી. ત્યારે હવે ઈન્ટરવ્યુ પ્રક્રીયાના આધારે હવે ભરતી કરી દેવાશે. જિલ્લાની ગ્રાન્ટેડ શાળાઓમાં ધો -૯ થી ૧૨ ને અનુલક્ષી આચાર્યોની ભરતી માટે પ્રક્રીયા હાથ ધરાશે હાલ આ જગ્યાએ ઈન્ચાર્જ આચાર્યથી કામ ચલાવામાં આવી રહ્યુ છે. જયારે હવે ટુંકમાં જ કાયમી ભરતી માટે પણ આખરી પ્રક્રીયા પુર્ણ કરી દેવાશે તેમ પણ શિક્ષણતંત્રના સુત્રોમાંથી જાણવા મળ્યુ છે. જેના અંતે નવા શૈક્ષણિક વર્ષમાં આ ગ્રાન્ટેડ શાળાઓમાં આચાર્યોની ભરતીનો પ્રશ્ન હલ થઈ જશે.

બુલેટ ટ્રેન દોડાવવા ૨૮ ડ્રાઈવરોની ભરતી કરાશે

સ્ટેશન સંચાલન કર્મી નિમાશે

અમદાવાદ, તા. ૧૮

અમદાવાદ અને મુંબઈ વચ્ચે બુલેટ ટ્રેન દોડાવવા માટે ૨૮ ડ્રાઈવરોની ભરતી કરવામાં આવનાર છે. સાથે સાથે સ્ટેશન સંચાલન, ટ્રેન ઓપરેશન, રોલિંગ સ્ટોક, સિગ્નલિંગ, ટેલિ કોમ્યુનિકેશન, ઈલેક્ટ્રીકલ અને ટ્રેક સહિત અન્ય કર્મચારીઓની પણ ભરતી કરવામાં આવશે. નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડે બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં કર્મચારીઓની ભરતી કરવામાં આવનાર છે. આ કર્મચારી મુંબઈમાં બાંદરા-કુર્લા કોમ્પ્લેક્ષમાં અને અમદાવાદમાં સાબરમતી રેલવે સ્ટેશન ખાતે રહેશે. આશરે ૫૦૦ કિલોમીટરના અંતર માટે બુલેટ ટ્રેન દોડાવવામાં આવનાર છે. કર્મચારી સંચાલન અને જાળવણીની જવાબદારી આ લોકો સંભાળશે. ૨૮ ડ્રાઈવરોની ભરતી ટૂંકમાં જ કરાશે.

એરપોર્ટ પર ફ્લાઈટ્સના શીડ્યુલ ખોરવાતા ભારે હાલાકી

દર રવિવારે રન-વે બંધ રહેતા ફ્લાઈટોમાં ડખા : છેલ્લા ૧૫ દિનથી નેશનલ અને ઇન્ટરનેશનલ ફ્લાઇટ્સ પાંચથી છ કલાક મોડી પડી રહી છે

અમદાવાદ,તા. ૧૮

છેલ્લા પંદર દિવસથી અમદાવાદ એરપોર્ટ પર આવતી ને શ ન લ - ઈ ન ટ ર ને શ ન લ ફ્લાઈટ્સ પાંચથી છ કલાક મોડી પડી રહી છે અને હજુ એક મહિનો મોડી પડે તેવી પ્રબળ શકયતાઓ પ્રવર્તતી હોઇ મુસાફરોની હાલત કફોડી બની છે. અમદાવાદથી અખાતી દેશોમાં જતી ઈન્ટરનેશનલ ફ્લાઇટો પાકના બાલાકોટમાં ભારતીય વાયુદળની એર સ્ટ્રાઇક પછી પાકિસ્તાનની એરસ્પેસ હજુ સુધી બંધ હોવાના કારણે મોડી પડી રહી છે. જેના કારણે અમદાવાદથી વિદેશ જતા હજારો મુસાફરોના શેડ્યુલ ખોરવાઈ ગયા છે. એર સ્ટ્રાઈકને દોઢ મહિના જેટલો સમય થયો હોવા છતાં હજુ પણ એક મહિના સુધી ફ્લાઈટો મુંબઈ અને દિલ્હીના એર ટ્રાફિક કંટ્રોલના રડારમાંથી પસાર થઇને જઇ રહી છે. ફ્લાઇટ ડાઇવર્ટ થવાના કારણે પેસેન્જરોની મુસાફરીમાં એક કલાકનો સમય વધી ગયો છે. જેને પગલે રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સના પેસેન્જર્સ પણ ભારે હાલાકીનો ભોગ બની રહ્યા છે. ટુ જેટ એરલાઈન્સના સાત કર્મચારીએ સામૂહિક રાજીનામું આપી દેતા તમામ ફ્લાઈટના શીડયુલ ખોરવાઈ ગયા હતા.

આજે પણ ટુ જેટની ફ્લાઈટ્સ મોડી પડી શકે છે. શુક્રવારે અમદાવાદ આવતી જતી ૧૦ ઈન્ટરનેશનલ સહિત ૨૭ ફ્લાઈટ્સ એક કલાકથી છ કલાક મોડી પડી હતી. દિલ્હીમાં વાતાવરણ ખરાબ થતાં અમદાવાદથી દિલ્હીની ઈન્ડિગોની ફ્લાઈટ લખનઉ ડાયવર્ટ કરાઈ હતી. દર રવિવારે રન-વે બંધ હોવાથી ડોમેસ્ટિક ફ્લાઈટના શેડ્યુલ પણ ખોરવાઈ ગયા છે. જેના કારણે વહેલી સવારથી દસ વાગ્યા સુધી ટેક ઓફ થતી ડોમેસ્ટીક ફ્લાઇટોના પેસેન્જરોને વહેલા એરપોર્ટ પર આવીને ચેકીંગ કરાવી લેવું પડે છે. અમદાવાદથી ટેક ઓફ થયા બાદ ફ્લાઈટોના હાલ રૂટ મુજબ, મુંબઈ અને દિલ્હી એટીસીના સંપર્કમાં થઈ ઉડાન ભરી રહી છે. જેના કારણે ફ્લાઈટોના લેન્ડિંગમાં ૨૫ મિનિટ જેટલો સમય લાગી જાય છે એટલે કે લેટ પડી રહી છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS
Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com